

# ઈશ્વાક સિંઘને બસ મોકાની તલાશ

સ્ક્રિનિંગ

ઈશ્વાક બહુ ધીમી ચાલે ચાલતો અભિનેતા છે. જોકે આ ચાલ તેની નક્કી કરેલી નથી, તેના કામે નક્કી કરેલી છે. ટી.વી. શ્રેણીમાં કામ કરતાં કરતાં ઘણાં અભિનેતા ફિલ્મો તરફ વળે છે તેવુ ઈશ્વાકનું ય છે અને ટી.વી.માંથી આવનારા બધા કાંઈ શાહરૂખખાન બની શકતા નથી. ઈશ્વાકે અત્યાર સુધી ફિલ્મોમાં કામ જરૂર કર્યું છે પણ તેની ભૂમિકાઓ નાની જ રહી હતી. 'રાંઝણા'માં તે ડોક્ટર હતો તો 'અલીગઢ'માં અરવિંદ નારાયણ 'તમાશા'માં તારાનો મિત્ર અને 'તુમબીન-2'માં હેરી. પણ એટલું ખરું કે તે સારા દિગ્દર્શકોની પસંદ બન્યો હતો. સંજય લીલા ભણશાલીએ તેને 'મલાલ'માં સારી ભૂમિકા આપેલી. શશાંક ઘોષ દિગ્દર્શિત 'વીરે દી વેડિંગ'માં પણ તે નાની ભૂમિકામાં હતો. ઘણીવાર નાની ભૂમિકાથી મોટા થવામાં સમય લાગે છે. અથવા એવું બને છે કે નાના જ રહી જવાય છે. પણ હવે 'બર્લીન'માં તેને સારી ભૂમિકા મળી હોવાનું લાગે છે. આ એક સ્પાય થ્રીલર ફિલ્મ છે. આ ફિલ્મનો વર્લ્ડ પ્રિમીયર ગયા વર્ષે લોસ એંજલ્સના ભારતીય ફિલ્મોત્સવમાં યોજાયેલો. હવે એકાદ વર્ષે તે ભારતના થિયેટરોમાં રજૂ થઈ રહી છે. આમાં તે બહેરો-મુંગો યુવાન બન્યો છે. જે જાસૂસીના આરોપનો સામનો કરે છે. અપારશક્તિ ખુરાના સંકેત ભાષાનો નિષ્ણાંત છે જે તપાસ દરમ્યાન ઈશ્વાકને સવાલો કરે છે ને જવાબો મેળવે છે. રાહુલ બોઝ ઈન્ટેલિજન્સ ઓફીસર છે. ઈશ્વાક સિંઘને આ ફિલ્મની ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનયનો એવોર્ડ પણ મળી ચૂક્યો છે. હવે પ્રેક્ષકો તેને કેટલો વધાવે છે તે જોવાનું છે.

> ઈશ્વાક મૂળ દિલ્હીનો છે અને ત્યાં નાટકોમાં કામ કર્યા પછી ફિલ્મોમાં આવ્યો છે દિલ્હીથી મુંબઈ આવી સેટ થવું સરળ તો નથી પણ તેણે ઘણું હાંસલ કર્યું છે. 'બર્લિન' ને તે પોતાની મહત્ત્વની ફિલ્મ તરીકે ગણાવે છે

ઈશ્વાક એક સારો અભિનેતા છે. એવું 'પાતાલલોક' વેબસિરીઝમાં ઈમરાન અંસારી તરીકે યા 'રોકેટ બોયઝ'માં વિક્રમ સારાભાઈ તરીકે સાબિત કરી ચૂક્યો છે. હકીકતે તો આ વેબસિરીઝ પછી જ ફિલ્મોમાં તેને વધુ સારી ભૂમિકા મળવા માંડી છે. તે 'અધૂરા અને 'મેડ ઈન હેવન' વેબસિરીઝમાં પણ ખાસ્સો અસરદાર રહ્યો હતો.

ફિલ્મો તેને શું આપે તેની રાહ જોઈ રહ્યો છે. તેની પાસે 'બર્લિન' પછી 'લખનૌ' નામની ફિલ્મ છે. જેમાં તે મુખ્ય ભૂમિકામાં છે અને તે ઉપરાંત 'તુમ કો મેરી કસમ' છે, જો કે કેન્દ્રિય ભૂમિકા અનુપમ ખેરની છે. અને એશા દેઓલ એક વિરામ પછી તેમાં ભૂમિકા કરતી જોવા મળશે. એ ફિલ્મ વિક્રમ ભટ્ટના દિગ્દર્શનમાં બને છે એટલે ઈશ્વાક વધુ આશા રાખી શકે.

ઈશ્વાક મૂળ દિલ્હીનો છે અને ત્યાં નાટકોમાં કામ કર્યા પછી ફિલ્મોમાં આવ્યો છે દિલ્હીથી મુંબઈ આવી સેટ થવું સરળ તો નથી પણ તેણે ઘણું હાંસલ કર્યું છે. 'બર્લિન' ને તે પોતાની મહત્ત્વની ફિલ્મ તરીકે ગણાવે છે. પણ હાં, તેની આવી રહેલી એક ફિલ્મ 'બસ કરો આન્ટી' પણ છે જેમાં તે મહિમા મકવાણા સાથે છે અને તે એક એડલ્ટ કોમેડી છે. આ ફિલ્મ 'દંગલ' ફિલ્મના નીતિશ તિવારી જેવા દિગ્દર્શકે લખી છે. ઈશ્વાક કહે છે કે એડલ્ટ કોમેડી આપણે ત્યાં ઓછી બને છે અને 'બર્લીન'થી સાવ જૂદી ભૂમિકા તેમાં જોવા મળશે.

એ વાત નક્કી લાગે છે કે ઈશ્વાક અભિનયનાં બળે વધારે હાંસલ કરવા તત્પર છે અને આવારી ફિલ્મો તેને તેના લક્ષ્યાંકની વધુ નજીક પહોંચાડશે.

# હે અપારશક્તિ, આયુષ્યમાન ભવ:



કેમેરા ઑન

અપાર ટેલેન્ટ ધરાવતા અવારનવાર ટીવી શૉમાં હોસ્ટિંગ કે ફિલ્મમોમાં સપોર્ટીંગ પાત્રમાં જોવા મળતો અપારશક્તિ ખુરાના હાલ તેની ફિલ્મ સ્ત્રી-2માં જોવા મળ્યો. દંગલથી(2016) શરુ થયેલી આ દોડમાં તેણે બદ્રી કી દુલ્હનિયા, હેપ્પી ફિર ભાગ જાયેગી, લુક્કા છુપ્પી, હમ દો હમારે દો, જેવી દસેક ફિલ્મોમાં કામ કર્યું. આ તમામ ફિલ્મોની વાર્તા, ઑડિયન્સ અને અપારશક્તિનું કિરદાર એકસરખુ જ રહ્યું છે. પણ એનાથી તેને કંઈ ખાસ નુકસાન નથી થયું. હા એ વાત ખરી કે એક સરખા પાત્રો ભજવવા પડ્યા. આ વાતનો તેને પણ ગમ છે. પરંતુ હવેના બૉલીવૂડનાં દર્શકો કોઈ ટેલેન્ટેડ, સારી એક્ટિંગ કરતા, ગાઈ શકતા કલાકારને બદલે શરીર પર 6-6 ચોસલા પડતા, લાંબી દાઢી રાખતા, કોઈ સુપરસ્ટાર સાથે પારિવારીક રીલેશન હોય તેવા હિરોને વધારે સારી રીતે આવકારે છે. આ સ્ટેટમેન્ટનું અપવાદ તેનો ભાઈ આયુષ્માન છે. પણ તેની જેવા ઘણા કલાકારો સારા બ્રેક માટે સ્ટ્રગલ કરી રહ્યા છે. જોકે મોટા ભાઈના નકશે કદમ પર ચાલતા અપારશક્તિને પણ સ્ટ્રગલ તો કરવું જ પડ્યું હતું પણ તેની સ્ટ્રગલ સ્માર્ટ હતી, રેડીયો જોકી બન્યો, મોકો મળતા ટીવી શૉ હોસ્ટ કરવા લાગ્યો, હજી પણ કરે છે. એને બસ એક તકની જરૂર હતી જે તેને દંગલમાં મળી. જોકે તેની અદાકારી જોવા મળી અમેઝોન પ્રાઈમ પર આવેલી વેબસીરીઝ જ્યુબિલીમાં મદન કુમાર બન્યા પછી. જ્યુબિલીમાં તેણે જે સિરિયસ એક્ટરની ભજવણી કરી ત્યાર બાદ લાગતું હતું કે હવે અપારશક્તિ મોટાભાઈની જેમ મેઈનસ્ટ્રીમ એક્ટર તરીકેની જગ્યા બનાવી લેશે પણ અત્યાર સુધી એવું થયું નથી. 13 સપ્ટેમ્બરે ઝિ-5 પર આવનારી સ્પાય થ્રિલર ફિલ્મ બર્લિનમાં તેને મુખ્ય કિરદાર ભજવવા મળ્યું અને આ તકનો તેણે ભરપૂર ઉપયોગ કર્યો છે. બહેરામૂંગા સાઈન લેંગ્વેજ એક્સપર્ટની 'અંધાધૂંધ' એક્ટિંગ કરતો જોવા મળવાનો છે. તેની સાથે રાહુલ બોઝ, ઈશ્વાક, કબીર બેદી પણ દેખાશે એમતો આ ફિલ્મ મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલ, લૉસએંજેલસ ફિલ્મ ફેસ્ટિવલ માં રિલીઝ થઇ ચુકી છે. મુબી પર પણ જોઈ શકો છો.

> અપારશક્તિસારા રોલની રાહ જોઈ શકતે પણ તેણે ફિલ્મ પરદા પર દેખાવાનું વધારે પસંદ કર્યું. આ માટે અપારશક્તિની ફિલ્મ પસંદગી પર શંકા અને સાહસનો ભાવ સાથે જાગે છે

વાત અપારશક્તિની કરીએ તો સ્ત્રી-2માં પણ તેના જુના કેરેક્ટરને જ આગળ ભજવ્યું. તે વધુ સારા રોલની રાહ જોઈ શકતે પણ તેણે ફિલ્મ પરદા પર દેખાવાનું વધારે પસંદ કર્યું. આ માટે અપારશક્તિની ફિલ્મ પસંદગી પર શંકા અને સાહસનો ભાવ સાથે જાગે છે. આ સમયમાં પંજાબી ફિલ્મો અને મ્યુઝિક વીડિયોમાં પણ કામ કર્યું, ખુરાના બંધુઓ કામગરા તો ખરા! બંને બંધુઓ બોલીવુડમાં એક્ટિવ હોય અને નોનફિલ્મી બેકગ્રાઉન્ડ હોય તેવા ઉદાહરણો બૉલીવુડ પાસે ઓછા છે. (શાહિદ-ઈશાન, વિકી-શનિ ખરા) બંને સરખા ટેલેન્ટેડ હોવા છતાં ફિલ્મ બાબતે મોટા ભાઈ સાથે અપારશક્તિની સરખામણી થતી રહે છે પણ પોતે અલગ છે તેવું બતાવવા સારી ફિલ્મો કરવી રહી.

# શું વિક્રાંત મેસ્સી કરશો સ્ટાર્સની ઐસી તૈસી?



સ્ટાર્સ લાઈફ

જેને ટોપ સ્ટાર્સ ગણતા હતા તે તો હમણાં પીછેહઠ કરી ગયા છે અને તેનું સ્થાન લેનારા સ્ટાર્સ દરેક ફિલ્મને ધમાકામાં ફેરવી શકે તો સ્થાન મેળવી શકે. આ દરમ્યાન નાના સ્ટાર્સથી ફિલ્મોને મોટી પૂરવાર કરવાની મથામણો ચાલી રહી છે. સ્ટાર કોઈ દરેક ફિલ્મે પેદા નથી થતાં પણ '12વી ફેઈલ'થી વિક્રાંત મેસ્સીમાં લોકોને રસ જરૂર પડ્યો છે. તે હવે 'સેક્ટર 36' નામની ક્રાઈમ થ્રિલરમાં આવી રહ્યો છે. આજકાલ એવી ફિલ્મો બની રહી છે કે જેમાં બે-ત્રણ અભિનેત્રીઓ જ મુખ્ય પાત્રામાં હોય અને એજ રીતે એવી ય ફિલ્મો બને છે જેમાં અભિનેત્રીની જાણે ગરજ જ ન હોય. 'સેક્ટર-36'માં પણ એવું છે કે આખી ફિલ્મ વિક્રાંત, દિપક ડોબ્રયાલ, આકાશ ખુરાના વગેરેથી ખેંચાશે. આ અઠવાડિયે એવી ફિલ્મો રજૂ થઈ રહી છે જે વિદેશમાં યોજાતા ભારતીય ફિલ્મોત્સવમાં રજૂ થઈ ચૂકી હોય. આ એવી જ ફિલ્મ છે પણ હા, તે નેટફ્લિક્સ પર રજૂ થઈ રહી છે. આ ફિલ્મ એક સારી ઘટના આધારીત છે. જેમાં બાળકો રહસ્યમય રીતે ખોવાતાં હોય.

વિક્રાંત મેસ્સી ચોક્કસપણે જ પોતાનાં વધેલાં મહત્વથી ખુશ છે. હકીકત એ પણ છે કે હવે મોટા સ્ટાર્સથી ફિલ્મો સફળ કરવી સરળ નથી રહી અને મોટા બજેટથી ફિલ્મ બનાવવી એક સાહસ છે. આવા બધા કારણે જ વધારે બજેટ વિના ફિલ્મો બનાવવાનો એક ટ્રેન્ડ છે અને ફિલ્મો હવે થિયેટર ઉપરાંત અનેક વિકલ્પોમાં દર્શાવી શકાય છે. વિક્રાંતની 'સાબરમતી રિપોર્ટ' ગયા મહિને રજૂ થવાની હતી પણ હમણાં અમુક પ્રકારનાં વિવાદો સર્જે તેવી ફિલ્મ રજૂ કરવામાં પ્રોબ્લેમ આવે છે. વર્તમાન સરકાર હમણાં નારાજગી અને વિવાદ ઈચ્છતી નથી કારણ કે તે પોતે વગોવાય રહી છે. બાકી એ ફિલ્મમાં પણ વિક્રાંતની મુખ્ય ભૂમિકા છે અને સાથે રાશી ખન્ના, રિધ્ધિ ડોગરા છે.

વિક્રાંતને જે પ્રકારની ફિલ્મો મળી રહી છે તે તેના માટે જાગેલા વિશ્વાસનું કારણ છે. આ માટે તે વિદુ વિનોદ ચોપરાનો આભાર માને છે. '12વી ફેઈલ' પછી તેને એવી ફિલ્મો મળી છે જેમાં વિક્રાંત પાસે જ આશા રખાતી હોય. એ ફિલ્મોમાં એક 'લાખો મેં એક' પણ છે જેમાં તેની સાથે ફરી રાશી ખન્ના ઉપરાંત મુક્તિ મોહન છે. 'આંખો કી ગુસ્તાખિયાં' પણ વિક્રાંત જ ગુસ્તાખી કરશે અને અન્ય એક ફિલ્મ 'પ્રિતમ પેડ્રો' છે જેમાં તેની સાથે અર્શદ વારસી છે. વિક્રાંત હવે ફિલ્મ નિર્માણ પણ કરે છે. અને '35 એમએમ' નામની એક ફિલ્મ બનાવી છે જેમાં 'કાગઝ કે ફૂલ' માં ગુરુદત્ત જે પાત્રમાં હતા તેનો આધાર લઈ આખી વાર્તા કહે છે. 'છપાક, 'હસીન દિલરુબા', 'એ ડેથ ઈન ધ ગુંજ'માં કરેલા કામે તેને વધુ સારી ફિલ્મો અપાવી છે અને પોતાની જર્નીથી તે આત્મસંતોષ પણ અનુભવે છે. શીતલ ઠાકુર નામની અભિનેત્રીને પરણેલો વિક્રાંત જીવનનાં એક સારા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. 'સેક્ટર 36'માં તેણે ફરી પોતાને પૂરવાર કરવાનો છે. હવે શાહરૂખ, સલમાનથી નહીં આવા કલાકારોથી જ ફિલ્મજગત આગળ વધશે.

> વિક્રાંત મેસ્સી ચોક્કસપણે જ પોતાનાં વધેલાં મહત્વથી ખુશ છે. હકીકત એ પણ છે કે હવે મોટા સ્ટાર્સથી ફિલ્મો સફળ કરવી સરળ નથી રહી અને મોટા બજેટથી ફિલ્મ બનાવવી એક સાહસ છે



# એકાવલી ખન્નાની સ્ટ્રગલ ચાલુ છે

સ્ટ્રગલ

એકાવલી ખન્નાને એ નથી ગમતું કે તે તેનું નામ બોલે અને સામેવાળો કે વાળી એમ પૂછે કે 'તમે કોણ?' પણ પછી તે જાતે જ સ્વીકારે છે કે ફિલ્મ જગતમાં ઓળખ બનાવવાનો સંઘર્ષ નાનો નથી હોતો. એકાવલી કયાંની એવું પૂછો તો તે મુંઝાય છે કે પોતાને કયાંની ઓળખાવે? આમ તે જન્મે છે કોલકાતામાં અને એટલે જ એકાવલી જેવું નામ ધરાવે છે પણ તે પંજાબી અને ગોવાનીઝ તરીકે પણ ઓળખાવી શકે એમ છે કારણે તેના પિતા પંજાબી છે. પણ હા, તે પોતાને બંગાળી ઓળખ સાથે જોડી રાખવામાં માને છે એટલે મુંબઈ અને કોલકાતા વચ્ચે આવ-જાવ કર્યા કરે છે. તેની પહેલી ફિલ્મ 'કૌન કિતને પાની મેં' હિન્દીમાં હતી. 2014માં આવેલી એ ફિલ્મનું દિગ્દર્શન નેશનલ એવોર્ડ વિજેતા દિગ્દર્શક નીલા માધવ પાંડવે કર્યું હતું. એજ વર્ષે તેણે 'ઝેડ પ્લસ' ફિલ્મમાં કામ કરેલું અને તે ફિલ્મનાં દિગ્દર્શક ચન્દ્રપ્રકાશ દ્વિવેદી હતા. આ પ્રકારની ફિલ્મો અભિનેત્રી તરીકેના વિકાસમાં ફાયદાકારક હોય છે પણ તેના કારણે મુંબઈની મનોરંજક ફિલ્મવાળા દૂર થઈ જાય છે. એકાવલી કોલકાતાની છે એટલે બંગાળી ફિલ્મો માટે તૈયાર રહે છે એટલે 'ઓલા હવા', 'કાઠમંડુ' જેવી ફિલ્મોમાં કામ કર્યું. એકથી વધારે ભાષા જાણતા હોવાનો આ પણ લાભ છે. પરંતુ તેની નજર હિન્દી ફિલ્મો પર, સતત હોય છે અને 'બોલીવુડ ડાયરીઝ' અને અરવિંદ સ્વામી સાથેની 'ડિયર ડેડ' મળી. અરવિંદ સ્વામીની એ ત્રીજી જ ફિલ્મ હતી અને વિષય સારો હતો પણ ટ્રીટમેન્ટ ગંભીર ફિલ્મની હતી એટલે ફરી મર્યાદિત પ્રેક્ષકો જ મળ્યા. એકાવલી ટેલેન્ટેડ છે એટલે તેને કામ તો મળ્યા કરે છે અને તેણે એક નોર્વેજિયન ફિલ્મ અને ઈંગ્લિશ- હિન્દી ફિલ્મમાં કામ કર્યું. એકાવલીની ફિલ્મોનો હિસાબ જો કે ફિલ્મનાં ચાહકો પાસે નથી હોતો. હા, તે ડેની ડેંગ્ઝોપ્પા સાથેની 'બાયોસ્કોપવાલા'માં કામ કર્યાના અનુભવથી પોતાનામાં સંઘરીને બેઠી છે. તેને 'વીરે દી વેડિંગ'માં તે હિન્દી ફિલ્મની જાણીતી અભિનેત્રીઓ સાથે આવી. કરીના કપૂર, સોનમ કપૂર, સ્વરા ભાસ્કર સામે તેની ભૂમિકા નાની હતી પણ તેમાં તે કાલિન્દી બનતી કરીના કપૂરની સાવકી મા હતી. તે નાની-મોટી ભૂમિકા કરી લે છે એટલે 'અંગ્રેજી મેં કહેતે હે'માં પંકજ ત્રિપાઠી, સંજય મિશ્રા સામે મોટી ભૂમિકામાં હતી. 'ધ લેડી કિલર'માં અર્જૂન કપૂર, ભૂમિ પેડનેકર સાથે આવેલી ફિલ્મ તેને કશું આપી ન શકી અને એવું જ 'છોટે નવાબ' ફિલ્મ વિશે કહી શકો.

> એકાવલી પોતાની જગ્યા મેળવવા આતુર છે અને વેબ સિરીઝ પણ કરવા તૈયાર છે. 'બોમ્બે બેગમ્સ'માં ફરી ઘણી બધી અભિનેત્રીઓ વચ્ચે તેણે દેવયાની ઉનિયાલની ભૂમિકા કરેલી

પરંતુ એકાવલી પોતાની જગ્યા મેળવવા આતુર છે અને વેબ સિરીઝ પણ કરવા તૈયાર છે. 'બોમ્બે બેગમ્સ'માં ફરી ઘણી બધી અભિનેત્રીઓ વચ્ચે તેણે દેવયાની ઉનિયાલની ભૂમિકા કરેલી. એજ રીતે ગયા વર્ષે 'કોહરા' વેબ સિરીઝમાં પણ તે આવી હતી. એકાવલી કહે છે કે 'બોમ્બે બેગમ્સ' એ મને મોટી ઓળખ આપી. હમણાં 44 વર્ષની એકાવલી અત્યારે 'રોડ સાઈડ ઓપેરા', 'ઈક્કીસ' અને 'પ્રોજેક્ટ કાહુટા' ફિલ્મમાં કામ કરે છે. 'ઈક્કીસ'માં ધર્મેન્દ્ર, જયદીપ અહલાવત અને અગત્સ્ય નંદા છે તો 'રોડ સાઈડ ઓપેરા'માં શરીબ હાશ્મી, વિનય પાઠક છે. એકાવલી હવે સમજી ચુકી છે કે વધુ મોટી ભૂમિકા તો નહીં મળશે પણ જે મળશે તેમાં તે પોતાને સાબિત કરશે. કલાકારો માટે સ્ટ્રગલ ત્યારે કહેવાય જયારે કામ જ ન મળતું હોય, એકાવલીનું એવું નથી.